# AIના ગંભીર ભવિષ્યની ચિંતા દર્શાવતી બે ઘટનાઓ

**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

શું તમને ખબર છે? માણસને ઉપયોગી થઈ રહેલી AI ટેકનોલોજીએ માણસની સામે સંઘર્ષ શરૂ કર્યો છે? ભલે એવી છૂટીછવાઈ ઘટનાઓ જ બની છે પરંતુ તેનાથી ભવિષ્યના જોખમી સંકેતો મળી રહ્યા છે. બે ઘટનાઓમાં આ ભવિષ્યનો ચિતાર જોવા મળ્યો છે. બંને ઘટનાઓ એક પછી એક જાણી લઈએ.

પહેલી ઘટના ચીનની છે. મકાઉમાં એક રહેણાંક વિસ્તારમાં AI સજ્જ રોબોટે ૭૦ વર્ષની મહિલાનો રસ્તો આંતરી લીધો અને તેની સામે ગેરવર્તન કરવા લાગ્યો.

મહિલા તેનાથી ગુસ્સે થઈ તો સામે રોબોટ પણ તેની સાવ નજીક પહોંચી ગયો. સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયોમાં જોવા મળ્યું કે એક વયોવૃદ્ધ મહિલા સામે રોબોટ આવી ગયો. તે મહિલાનો રસ્તો રોકીને ઊભો રહી ગયો. મહિલાએ ચીડાઈને તેને દૂર મોકલવાની કોશિશ કરી તો રોબોટે તેની સાથે ગેરવર્તન કરવા માંડ્યું. તે બે હાથ ઊંચા કરીને મહિલાને ચીડવવા લાગ્યો. મહિલાએ ફરીથી દૂર જવાની કોશિશ કરી તો રોબોટ તેની સાવ સામે આવી ગયો. આસપાસમાં લોકો એકઠા થઈ ગયા. રોબોટ મહિલાને ઈજા પહોંચાડે તે પહેલાં જ પોલીસ જવાનો આવી ગયા. એ પછી પોલીસ રોબોટને લઈને જાય છે એ પણ વીડિયોમાં દેખાય છે. એ ઘટના પછી લોકોએ પૂછ્યું હતું કે પોલીસે શું ખરેખર એક રોબોટની ધરપકડ કરી છે? જો ખરેખર એમ હશે તો ધરપકડ થનારો આ પહેલો AI રોબોટ હશે. આ ઘટના પછી રોબોટનું સંચાલન કરતી કંપનીએ મહિલાની માફી માંગી. આ રોબોટ 2024થી એક્ટિવ હતો ને તેને થોડા સમય પહેલાં જ એડવાન્સ ટેકનોલોજીથી અપડેટ કરાયો હતો. તે વ્યવસ્થિત ચાલી શકે છે અને આસપાસનો માહોલ સમજી શકે છે.

તેણે આવું વર્તન કર્યું તેની સામે કંપનીએ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. રોબોટને AI ટેકનોલોજીથી સજ્જ કરાયા બાદ તેનું આ વર્તન ખૂબ જ ચિંતાજનક ગણાય.

જ્યાં સુધી રોબોટની સિસ્ટમ અપડેટ કરાઈ ન હતી ત્યાં સુધી એવી કોઈ મુશ્કેલી સામે આવી ન હતી.



**થોડા થોડા દિવસના અંતરે AIની દુનિયામાં બે ઘટનાઓ બની. એ બંનેની ચર્ચા એટલે ચાલી રહી છે કે જો આવું થાય તો માણસની સામે AIના ઘર્ષણનો નવો યુગ શરૂ થઈ શકે. AI માણસના કહ્યામાં ન રહે તો શું થાય?**

બીજી ઘટના ચર્ચાસ્પદ કંપની એન્થ્રોપિકની લેબમાં બની હતી. એન્થ્રોપિકમાં બ્રિટનના પૉલિસી ચીફ ડેજી મેકગ્રગરે કંપનીના નવા AI મોડલ ક્લાઉડ 4.5ને લગતી વિગતો શેર કરી હતી. એ પ્રમાણે આ મોડલ બંધ કરી દેવાની ફરજ પાડવામાં આવી અને તેને સ્ટ્રેસ આપવામાં આવ્યો તો તેનું વર્તન ખૂબ જ બદલાઈ ગયું. આ AI એજન્ટે ગુસ્સો કર્યો. એન્જિનિયર સાથે ગેરવર્તન કરીને તેને મારી નાખવાની ધમકી આપી. પૉલિસી ચીફે તો એવું યે કહ્યું કે ભવિષ્યમાં જો AIને કંઈક એવું કહેવામાં આવે કે જે તેના માટે યોગ્ય ન હોય તો એ માણસ જેવું વર્તન કરી શકે છે. આ મોડલે યુઝરને કેમિકલ વેપન્સ બનાવવામાં મદદની તૈયારી બતાવી, જે ખતરનાક બાબત છે. એન્થ્રોપિકના પૉલિસી ચીફના દાવા બાદ કંપનીમાં એવો હોબાળો મચ્યો કે ભારતીય મૂળના કંપનીના સેફ્ટી વડા મૃણાંક શર્માએ રાજીનામું આપવું પડ્યું. AI એક્સપર્ટ્સે આ ઘટના પછી વર્લ્ડ ઈઝ ઈન પેરિલ એવું નામ આપીને ચર્ચા છેડી દીધી કે શું ખરેખર AI જોખમી સાબિત થશે? કાલે ઊઠીને AI ટેકનોલોજી માણસના કહેવામાં નહીં રહે તો શું થશે? સાયન્સ ફિક્શન ફિલ્મની સ્ટોરી જેવી લાગતી આ ઘટના ખરેખર બની છે. AI માણસના કહેવામાં નહીં રહે એવી ચિંતા વ્યક્ત થાય છે તે આ કિસ્સાઓમાં સાચી જણાઈ રહી છે.

આ બંને કિસ્સા એવા છે જેમાં AIએ માણસ સાથે ગેરવર્તન કર્યું છે. AI બેકાબૂ બને તો તેને અંકુશમાં રાખવાની તરકીબો અત્યારથી જ શરૂ કરવી પડશે. AI પોતાની રીતે વિચારીને રિએક્ટ કરી શકે છે એ માણસને અત્યારે ખૂબ મજેદાર અને રોમાંચક લાગે છે. ક્યાંક આ ફેક્ટર જ માણસ સામે જોખમ ખડું ન કરે તો સારું.

---

## દેખને આયે થે વો અપની મોહબ્બત કા અસર
## કહને કો યે હૈ કિ આયે હૈં અયાદત કર કે

**- હસરત મોહાની**

**કેફિયત**

★ હનીફ મહેરી



આવ્યા હતા એ તેમના પ્રેમની અસર જોવા, કહેવા ખાતર તો એ આવ્યા છે બીમારના હાલ પૂછીને. પ્રેમરોગીની હાલત પ્રિયજનથી વધુ કોણ સારી રીતે જાણી શકે? એ જોવા માટે તો પોતાના પ્રેમની અસર આવ્યા હતા પરંતુ લોકોને એ કહે છે કે બીમાર વ્યક્તિની ખબર કાઢવા આવ્યા હતા. હકીકતમાં એ આવ્યા હતા તેમના પ્રેમની અસર જોવા માટે. અયાદત એટલે બીમારની ખબર કાઢવી. પ્રિયજનની દરેક અદા આશિકને ઘાયલ કરતી હોય છે. આ પ્રેમમાં પણ ઘણા નાજુક વળાંક આવે છે. પ્રેમમાં લાગણીઓ રાજ કરતી હોય છે. અહીં ગણતરીઓ બાજુ પર મૂકીને પ્રિયજન માટે આશિકમાં સમર્પણની ભાવના વધુ જોવા મળે છે. અહીં પ્રિયજનની થોડી નારાજગીથી પણ આશિકની હાલત કફોડી બની શકે છે. આશિકની બીમારીના હાલ પૂછવા માટે જયારે ખુદ પ્રિયજન આવે ત્યારે આશિકની તબિયત પ્રિયજનને જોતા જ સારી થઈ જાય તો ઘણી વાર ખુદ પ્રિયજન તેના પ્રેમમાં પાગલ આશિકના હાલ જાણવા માટે તેના ત્યાં આવે ત્યારે બીમાર હોય તો પણ તરત સાજો થઈ જાય પરંતુ દરેક વખત પ્રિયજન તેના આશિકની કસોટી કરે છે તેવું નથી. ઘણી વખત પ્રિયજન માટે પણ આશિક કસોટી સાબિત થતો હોય છે. પ્રેમમાં બંને તરફ એક સરખી હાલત હોય છે. પ્રેમની સફર કરનારા દરેક માટે મંઝિલ આવતા સુધીમાં ઘણાં કપરાં ચઢાણો ચઢવાં પડે છે. અહીં દરેક વળાંકે પરીક્ષા આપવાની હોય છે. પ્રેમમાં સફળ થનારાની કોઈ કહાણી બનતી નથી પરંતુ પ્રેમને પામનારા અમર થઈ જાય છે.